# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-09-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઇ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે બેઠકમાં વરસાદ પ્રભાવિત વિસ્તારોની સ્થિતિ , મગફળી સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી પ્રક્રિયા અંગે સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત વિધાનસભાના ચોમાસું સત્ર દરમિયાન રજૂ થનારા ખરડા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ પર યોજાનાર કાર્યક્રમો તેમજ રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર પણ ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . .

# NAGARPALIKA GRANT

વિકાસના કામોની મંજૂરી આપવાની નગરપાલિકાઓની સત્તામર્યાદામાં 50 ટકાનો વધારો કરાયો છે.    રાજ્ય સરકારના આ નિર્ણય અંતર્ગત શહેરી વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અન્વયે રાજ્ય સરકારના આયોજન પ્રભાગ હસ્તકના અનુદાનમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા મર્યાદામાં 50 ટકાનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.

આ નિર્ણય હેઠળ  'અ' વર્ગની નગરપાલિકામાં હવે નગરપાલિકા કક્ષાની સમિતિ દ્વારા જ 70 લાખ રૂપિયા સુધીના કામોની તાંત્રિક-વહીવટી મંજૂરી આપી શકાશે. જ્યારે 'બ' વર્ગમાં 50 લાખ , 'ક' વર્ગમાં 40 લાખ અને  'ડ' વર્ગમાં 30 લાખ  રૂપિયા સુધીના કામોને તાંત્રિક-વહીવટી મંજૂરી આપી શકાશે.

. . . . .

# QRT BIKE

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતેથી ત્વરિત પ્રતિભાવ ટુકડીના 50 બાઇકને લીલીઝંડી આપી. આ વાહનો ગુનાખોરી અને ટ્રાફિક જેવી સમસ્યાઓમાં ત્વરિત પ્રતિભાવ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ અત્યાધુનિક બાઈકને વિવિધ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે. આ બાઈકનો મુખ્ય ઉદ્દેશ ગુનાખોરીને અટકાવવા , ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અને પોલીસ વેનને જ્યાં પહોંચવામાં સમય લાગે તેવા સંવેદનશીલ સ્થળો પર તાત્કાલિક પહોંચીને કાર્યવાહી કરવાનો હોવાનું ગાંધીનગર રેન્જ IG વિરેન્દ્ર યાદવે જણાવ્યું.

(બાઇટ : વિરેન્દ્ર યાદવ, રેન્જ IG)

. . . . .

# AMBAJI SANGHAV

અંબાજી ખાતે યોજાઈ રહેલા ભાદરવી પૂનમનાં મેળામાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિવિધ સુવિધાઓનું નિરિક્ષણ કર્યું. તેમણે સેવા છાવણીઓની મુલાકાત પણ લીધી. ત્યારબાદ શ્રી સંઘવીએ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા સંચાલિત મુખ્ય નિયંત્રણ ખંડ ખાતે CCTVથી થતી દેખરેખના કામની સમીક્ષા કરી.

કૃત્રિમ બુદ્ધિમત્તા - A.I. ટૅક્નોલૉજીના સમન્વયથી અસામાજિક પ્રવૃત્તિઓ પર બાજ નજર અને મેળામાં યાત્રાળુઓ ભય વગર હરીફરી શકે અને દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરવા બદલ શ્રી સંઘવીએ વ્યવસ્થાને બિરદાવી. ગઈકાલે તેમણે અંબાજી મંદિરમાં દર્શન કર્યા. તેમજ ભાદરવી પૂનમનો મેળો નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરી.

. . .

# MEHSANA MOT

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના થોળ ગામના પાંજરાપોળમાં વધુ સાત ગાયોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે ચોમાસાના કાદવ કીચડના કારણે ગાયોના મોત થયાના અહેવાલ છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ આ પાંજરાપોળમાં 20 ગાયોના મોત થયા હતા. આ ઘટનાને લઈ સ્થાનિક વહીવટી વિભાગ ફરીથી તપાસ કરી રહ્યું છે.

. . . .

# KUTCH MOU

કચ્છ જિલ્લાના ભુજમાં નવીન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય માટે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં પશુપાલન વિભાગ અને કામધેનુ વિશ્વવિદ્યાલય વચ્ચે સમજૂતી કરાર- MoU કરાયા. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ, આ MoU દ્વારા ભુજ ખાતે પશુપાલન ખાતા હસ્તકની 38 એકર અને 23 ગુંઠા જમીન તથા તેના પરની મિલકત કામધેનુ વિશ્વવિદ્યાલયના હસ્તક સોંપાઈ છે. આ જમીન અને મિલકતનો ઉપયોગ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના શૈક્ષણિક, સંશોધન તથા વિસ્તરણ કાર્યો માટે કરાશે. આ પહેલથી કચ્છ અને રાજ્યના અન્ય પશુપાલકોને આધુનિક પશુચિકિત્સા અને સંશોધનના લાભ મળશે.

આ મહાવિદ્યાલયને વહેલી તકે કાર્યરત કરવા આ વિશ્વવિદ્યાલય દ્વારા અંદાજે ૩૮ જેટલા સ્ટાફની નિમણૂક પણ કરી દેવામાં આવી છે. ભુજ ખાતે આ નવીન મહાવિદ્યાલય કાર્યરત થતાં રાજ્યમાં કુલ છ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયો કાર્યરત થશે.

. . . .

# ARVALLI DAM

અરવલ્લીના ભિલોડા તાલુકામાં આવેલો મેશ્વો જળાશય સંપૂર્ણ છલકાઈ ગયો છે. હાલમાં જળાશયમાંથી ૭૪૭ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું છે. સાંભળીએ પ્રતિનિધિનો અહેવાલ.

(V/C – ANKIT CHAUHAN)

. . . .

# AMBAJI AI NAJAR

અંબાજીમાં ભાદરવી પૂનમ મહામેળામાં ગુનાહિત પ્રવૃત્તિઓ અને અસામાજિક તત્વોને ડામવા પોલીસ દ્વારા પહેલી વાર કૃત્રિમ બુદ્ધિમત્તા - A.I. ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેએ કહ્યું, ટૅક્નોલૉજીનો આ ઉપયોગ માઈભક્તોની સલામતીને વધુ સલામત બનાવશે. તેની મદદથી સ્ટેટ ક્રાઈમ રૅકર્ડ બ્યૂરોમાંથી મળેલા ગુનેગારોના ચહેરાની ઓળખ કરી તેમને પકડવામાં આવી રહ્યા છે.

. . . . . . .